# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

RNI NO. GUJGUJ/2015/64872

MONTHLY NEWS PAPER

AHMEDABAD, SUNDAY, SEPTEMBER 20, 2020 | VOL.NO-5, ISSUE NO-10 | www.theopenpage.co.in | facebook.com/theopenpage | TOTAL PAGE-8 | INVITATION PRICE: ₹20/-


## આ અંકમાં શું વાંચશો?



**સોળ વર્ષના અર્જુન અને ખુંખાર વાઘ વચ્ચે યુદ્ધ જામ્યુ**

ઉત્તરાખંડ રાજ્યનું એક નાનકડું ગામ. ચારે બાજુ લીલાછમ્મ જંગલો. જંગલમાં અનેક પ્રાણીઓ વસતા. જંગલની ફરતે ઉંચા ઉંચા પહાડો. જંગલ અને ગામની વચ્ચે થઈને એક સુંદર નદી વહેતી હતી.

પેજ ૩



**જ્યાં સતીમાતાના અંગના ટુકડા પડ્યા...**

શક્તિપીઠોનો જો સામાન્ય અર્થ કરીએ તો જ્યાં શક્તિઓનો અમાપ ખજાનો છે તેવું સ્થળ. ગુજરાતમાં રહેલી ૪ શક્તિપીઠોની સ્થાપના અને તેમના ઇતિહાસ વિશે માહિતી મેળવવી જોઇએ.

પેજ ૪



**કોરોના કાળમાં નવરાત્રિની નવ દેવીઓની...**

નવરાત્રી શબ્દ સંસ્કૃત ભાષા પરથી આવ્યો છે. જેનો અર્થ થાય છે નવ રાત, સનાતન ધર્મીઓ એટલે કે હિંદુઓ માટે નવરાત્રિનું મહત્ત્વ ખૂબ જ અનેરું છે.

પેજ ૫



**ગૂઢ કળાઓઃ જ્યોતિષ શાસ્ત્ર...**

બાળક જન્મે ત્યારે કુંડળી બને, રાશિના આધારે તેનું નામ પડે અને લગ્ન કરતા પહેલા પણ વર-કન્યાની કુંડલી જોઈને જ વિવાહ નક્કી થાય. પેજ ૮

# નવી શિક્ષણનીતિઃ NEP-2020 હમને ક્યા ખોયા.. હમને ક્યા પાયા




**ડૉ. નીરવ ઠક્કર**
પ્રિન્સિપાલ,
એ.જી. હાઇસ્કૂલ, અમદાવાદ


વર્તમાન, સમય નોલેજ ઈકોનોમીનો છે. વૈશ્વિક ઔદ્યોગિક પર્યાવરણમાં ઈન્ટરનેટ અને ટેકનોલોજીના કારણે ખૂબ મોટાં પરિવર્તનો આવ્યાં, એટલું જ નહી, આવનાર સમયમાં આર્ટીફીસીયલ ઈન્ટેલિજન્સ મશીન લર્નિંગ અને રોબોટિક્સ જેવી અતિઆધુનિક ટેકનોલોજીના કારણે ઘણીબધી નોકરીઓ, ધંધાઓ અને વ્યવસાય લુપ્ત થશે અને જ્ઞાન આધારિત કૌશલ્યો ધરાવતા નવા જ માનવબળની તાતી જરૂરીયાત વર્તાશે.

આવનાર તમામ પડકારોને પહોંચીવળવા શાળા અને કોલેજમાં શીખવવામાં આવતાં વિષયો તેમજ કૌશલ્ય આધારિત અભ્યાસક્રમ પ્રાસંગિક રીતે અદ્યતન થવા જોઈએ અને સાથે સાથે શિક્ષણનીતિ પણ બદલાતી રહેવી જોઈએ, છેલ્લે ૧૯૮૬માં આવેલ શિક્ષણનીતિ બાદ ખૂબ જ નજીવાં પરિવર્તનો ૧૯૯૨માં થયા હતાં. ત્યારબાદ પ્રલંબિત ૩૪ વર્ષ પછી નવી શિક્ષણનીતિ આવી છે, એ અત્યંત ગહન વિચારણા માંગી લે છે.

સાંપ્રત ૨૧મી સદીમાં શાળાએએ શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ કેવા પ્રકારનાં હોવા જોઈએ તે માટે વિવિધ વૈશ્વિક સંસ્થાઓએ વખતો વખત માર્ગદર્શિકા બહાર પાડેલ છે. જેને નવી શિક્ષણનીતિ સમિતિના અધ્યક્ષ કસ્તુરીરંગન અને સૌ સભ્યોએ ધ્યાને લીધેલી છે, તો આ નવી શિક્ષણનીતિને સુપેરે સમજવા તેની પશ્ચાતભૂમાં રહેલાં નિતિગત એહેવાલોના સંદર્ભ સંક્ષિપ્તમાં જોઈએ.

૧.ડેલોર્સ રિપોર્ટ (૨૧મી સદીમાં શિક્ષણ સંદર્ભે UNESCO દ્વારા નીમવામાં આવેલ કમીટીનો (રિપોર્ટ)

ક. જ્ઞાન માટેનું અધ્યયન
ખ. ક્રિયાત્મકતા માટેનું અધ્યયન
ગ. સહજીવન માટેનું અધ્યયન
ઘ. અસ્તિત્વ માટેનું અધ્યયન

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા સૂચવવામાં આવેલાં કૌશલ્યો

નિર્ણય લેવા અને સમસ્યા ઉકેલનાં કૌશલ્યો

સર્જનાત્મક વિચારણા અને ચિંતનાત્મક વિચારણા કૌશલ્યો

પ્રત્યાયન અને આંતરવ્યક્તિત્વકૌશલ્ય

લાગણીઓ અને તણાવ વ્યવસ્થાપન કૌશલ્યો

ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમીક કોઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ દ્વારા એકવીસમી સદીમાં જરૂરી વિવિધ કૌશલ્યોનાં મુખ્ય ત્રણ પરિમાણ સૂચવાયા છે.



ક. પ્રત્યાયન
ખ. માહિતી
ગ. મૂલ્યનિષ્ઠા તેમની અને સામાજિક અસરો

આમ ૨૧મી સદીની શિક્ષણનીતિ તૈયાર કરવા દરમિયાન વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓએ જુદાં જુદાં જ્ઞાન અધ્યયન અને કૌશલ્યોને ધ્યાને રાખવા સૂચવેલ છે. આ તમામ અહેવાલોને કેન્દ્રમાં રાખી નવી શિક્ષણનીતિ તૈયાર કરવામાં આવી છે.

## શાળા શિક્ષણમાં પરિવર્તનના સૂચિત અંશોઃ

આર્થિક કે સામાજિક ભેદભાવ વગર ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરૂં પાડવું.

વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં વ્યાપાર અને ઉદ્યોગો ઉપરાંત સમાજમાં પણ પરિવર્તન ખૂબ ઝડપી બન્યા છે ત્યારે હાલ અભ્યાસ કરતો બાળક જ્યારે વ્યવહારમાં જશે ત્યારે તેને માટે નવીન જ્ઞાન અને કૌશલ્યો મેળવવાં અનિવાર્ય બનશે. તે સંજોગોમાં જરૂરી જ્ઞાન અને કૌશલ્યો સ્વ-અધ્યયન દ્વારા મેળવી શકે તે માટે વિદ્યાર્થી જીવન પર્યંત અધ્યેતા બની રહે તે ખુબ જ જરૂરી છે. તેમજ અધ્યયન કેવી રીતે કરવું તે માટેનું અધ્યયન તેમજ વિષયવસ્તુના બદલે ચિંતનાત્મક વિચાર કરતાં શીખે તે મુજબનું શિક્ષણ આપવામાં આવશે.

મનોવૈજ્ઞાનિક સંશોધન મુજબ ૨ વર્ષથી ૮ વર્ષ નાં બાળકોને વિવિધ ભાષાઓ શીખવવી ખૂબજ સરળ પડે છે અને ઝડપી શીખી છે. આ સંશોધન આધારે બાળકને નાની ઉંમરે જ માતૃભાષા ઉપરાંત અન્ય ભાષા શીખવવામાં આવશે.

પ્રવર્તમાન અધ્યયન નિષ્પતિ (Learning Outcomes) અને ઈચ્છનિય અધ્યયન નિષ્પતિ વચ્ચેનું અંતર દૂર કરવું અને સમગ્ર શિક્ષણ પદ્ધતિ Early Childhood Care and Education (ECCE) શિક્ષણની શરૂઆત કરવી.

- વિદ્યાર્થીને અધ્યયન વિકલ્પોની સુગમતા કરી આપવી જેથી તે પોતાની અભિરૂચિ, રસ, પ્રતિભા મુજબ વિવિધ શિક્ષણ પ્રવાહની પસંદગી કરી શકે.
- વિજ્ઞાન પ્રવાહ, વાણિજ્ય પ્રવાહ કે વિનયન પ્રવાહ જેવા પરંપરાગત શૈક્ષણિક પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહ વચ્ચેનું ભેદકત્વ દૂર કરવું બહુવિધ વિકલ્પો વાળા સર્વગ્રાહી શિક્ષણને પ્રાધાન્ય આપવું.
- ગોખણપટ્ટીના શિક્ષણને બદલે સમજશક્તિ, સર્જનાત્મકતા અને ચિંતનાત્મક વિચારશીલતા કેળવાય તેવા શિક્ષણને પ્રાધાન્ય આપવું.
- વિદ્યાર્થી વિવિધ પરિસ્થિતિઓમાં તાર્કિક નિર્ણય લઇ શકે તેમજ ઉભી થતી સમસ્યાઓનું સૂઝબૂઝથી વિવેકપૂર્ણ સમાધાન શોધી શકે અથવા શોધવા પ્રેરાય તે પ્રકારના શિક્ષણ પર ભાર મૂકવો.

**અનુસંધાન પાના નં.૭**

# શ્રી જે.બી. પ્રાથમિક શાળા દ્વારા ઓનલાઇન ગણેશ મેકિંગ તથા શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઇ પ્રાથમિક શાળામાં 'શ્રી ગણેશ ચતુર્થી' નિમિત્તે ધોરણ ૪ થી ૮નાં બધા વર્ગોના વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન 'ગણેશ મેકિંગ સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું.

ગણેશ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે શાળા દ્વારા યોજાયેલ એનોખી ગણેશ મેકિંગ સ્પર્ધામાં ધોરણ ૪ થી ૮નાં બધા વર્ગોનાં કુલ ૧૨૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પોતાના ઘરે રહી 'કલા-શિક્ષકો' નાં માર્ગદર્શન અને માતા-પિતાનાં સહયોગથી વૃક્ષોના વિવિધ આકારનાં પાદડાઓ પુષ્પ અને ફેવિકોલ વગેરે સાધન-સામગ્રીનો ઉદ્યાયોગ કરી સુંદર 'શ્રી ગણેશજી' ની સર્જનાત્મક કૃતિઓ બનાવી હતી. તેમાંથી ત્રણ નંબર આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઇ પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી જેમાં શાળાનાં ૨૨ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષકોની જવાબદારી સંભાળી ઓનલાઈન સુંદર શિક્ષણકાર્ય હતું. વિદ્યાર્થીઓએ પણ સ્વયં શિસ્ત જાળવી સહકાર આપ્યો હતો.

# સ્કૂમના કર્મચારીઓએ સોશિયલ ડિસ્ટન્ટ સાથે પ્રવૃત્તિઓનું આયોજન કર્યું: બાળકોએ ઘરે રહીને પ્રવૃત્તિમાં ભાગ લીધો





ડ્રાઇવ-ઇન રોડ પર આવેલ શકરીબેન ચતુરભાઇ પટેલ પ્રિ-પ્રાયમરી સ્કૂલ તથા કાન્તિભાઇ કાળીદાસ પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા આચાર્યો અને વહીવટી સ્ટાફે ગણેશ ચતુર્થી તથા ૭૪મા સ્વાતંત્ર્યદિનની તહેવાર ઉત્સાહભેર ઉજવણી કરી હતી. જેમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાનરૂપે સામાજિક અંતર રાખી ઉજવણી કરી હતી.

# એસ.જી. અંગ્રેજી પ્રાથમિક શાળાના ન્યુ એજ્યુકેશન પોલિસી વિષય પરના વર્કશોપનું ઓનલાઇન આયોજન કરવામાં આવ્યું







ન્યુ એજ્યુકેશન પોલિસી પરના વેબિનાર રત્નસાગર પ્રકાશકોના સહયોગથી રિસોર્સ પર્સનલ કુ. હિના અન્સારી દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. નિષ્ણાતે નવી એજ્યુકેશન પોલિસીના મુખ્ય વિષયો અને શિક્ષકો અને વિદ્યાર્થીઓની તરફેણમાં થયેલા ઘરખમ ફેરફારોને પ્રકાશિત કર્યા હતા. બાળકોના શિક્ષણ અને વિકાસ પ્રત્યેના સર્વગ્રાહી અભિગમ પરના સ્વપ્નદ્રષ્ટાત્મક ધ્યાન એ ખૂબ જ ચિંતા હતી. ઝૂમ એપ્લિકેશનના ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા આ વર્કશોપમાં ૧૬૬ થી વધુ શિક્ષકો અને શિક્ષણવિદ્દોએ ભાગ લીધો હતો. એસ.જી. વતી ઈંગ્લિશ મીડિયમ પ્રાથમિક શાળા ના શિક્ષક રમેશભાઈ ગોહિલ, કુ. રીમા ભાવસાર અને કુ. જસના સુગુનને તેમાં સક્રિયપણે ભાગ લીધો હતો.

**તમારી શાળામાં થતાં વિવિધ કાર્યક્રમોની માહિતી 'ધી ઓપન પેજ'માં પ્રસિદ્ધ કરવા માટે info@theopenpage.co.in પર મોકલવી.**

**વૈધાનિક સૂચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**



રાજ ભાસ્કર
સહ સંપાદક સાધના સાપ્તાહિક
કોલમિષ્ટ, દિવ્ય ભાસ્કર

# સોળ વર્ષના અર્જુન અને ખુંખાર વાઘ વચ્ચે યુદ્ધ જામ્યુ

ઉત્તરાખંડ રાજયનું એક નાનકડું ગામ. ચારે બાજુ લીલાછમ્મ જંગલો. જંગલમાં અનેક પ્રાણીઓ વસતા. જંગલની ફરતે ઉંચા ઉંચા પહાડો. જંગલ અને ગામની વચ્ચે થઈને એક સુંદર નદી વહેતી હતી. ચોમાસામાં નદી ખળ ખળ વહેતી હોય. એવું લાગે જાણે આકાશમાંથી કોઈ પરી પાણીનું રૂપ ધારણ કરીને આવી છે અને પહાડો અને જંગલમાં દોડી રહી છે. ગામના નાનકડાં બાળકો અને યુવાનો માટે તો એ નદી એટલે જાણે ભગવાને બનાવી આપેલો સ્વિમીંગ પુલ. રોજ ધુબાકા મારી મારીને એમા ન્હાય અને મજા કરે.

ગામમાં અર્જુન સિંહ પણ એના મા અને બાપુ સાથે રહેતો. એ ૧૬ વર્ષનો હતો. નવમાં ધોરણમાં ભણતો હતો. એની હાઈટ સારી એવી હતી અને બાંધો પાતળો. એ પાતળો હતો પણ એનું હૈયુ ખૂબ જ મજબુત હતું. એના બાપુ ખેતીમાં મજૂરીનું કામ કરતાં અને મા પણ એમાં મદદ કરતી. સાવ નાનકડું નળીયાવાળુ ઘર હતું.

જંગલની વચ્ચો વચ્ચ વસેલું ગામ એટલે ગામમાં નાના મોટા પ્રાણીઓ આવ જા કરતાં. ક્યારેક ઘરના આંગણે મોર બેઠો બેઠો ટૂહુકા કરતો હોય, ક્યારેક શિયાળ આવી જાય તો ક્યારે રામાયણમાં આવે છે એવું જ મસ્ત મજાનું સોનેરી હરણ પણ કુદાકુદ કરતું ગામમાંથી પસાર થતું.

ગામમાં જંગલી પ્રાણીઓનો પણ થોડો ખતરો રહેતો. વાઘ, સિંહ, ચિત્તો પણ એ જંગલમાં રહેતા અને ક્યારેક દૂર પાદર બાજુ અથવા તો નદી કીનારે દેખાતા હતા. પણ હજુ સુધી કદી એ ખુંખાર પ્રાણીઓ ગામની અંદર નહોતા આવ્યા. વાઘ, ચિત્તો કે સિંહ કોઈના ઘર સુધી નહોતા પહોંચ્યા.

અર્જુનને પ્રાણીઓ સાથે બહું જ મજા આવતી. ક્યારેક સસલુ, હરણ કે મોર ઘરના આંગણે જોઈ જાય તો એ એમની સાથે રમવા માંડતો. સસલાને પકડીને એને ખોળામાં બેસાડતો, એને ખવરાવતો. હરણ તો બહું ભાગાભાગ કરે પણ તોયે એ એને પકડવાની અને ખવરાવવાની કોશિશ કરતો. મોરને પંપાળતો, એના પીંછામાં હાથ ફેરવતો. બહું મજા આવતી હતી અર્જુનને આ પ્રાણીઓ સાથે.

મા એને ક્યારેક પ્રાણીઓ સાથે રમતો જોઈ જાય તો ટપારતી, 'દીકરા તું આ પ્રાણીઓ સાથે રમવાનું બંદ કર!'

અર્જુન કહેતો, 'મા, મને પ્રાણીઓ સાથે રમવાનું બહું જ ગમે છે. એટલી બધી મજા આવે છે કે વાત ના પૂછ. એ બિચારાની મા તારા જેવી સારી નહીં હોય કે રોજ રાંધીને ખવારાવે. એટલે મારે એમને ખોળામાં લઈને ખવરાવવું છે.'

મા કહેતી, 'હંઅ... હંઅ.... બહું મસ્કા ના માર. આ બિચારા નિર્દોષ પ્રાણીઓ છે એટલે તને ખવરાવવાની મજા આવે છે, ક્યારેક વાઘ કે સિંહ જેવા ખુંખાર પ્રાણી આવી જશે તો ખબર પડી જશે. પછી જોવ છું કે તું એને કેવો કે ખવરાવે છે!' મા હસી પડતી.

અર્જુન તરત જ જવાબ આપતો, 'મા, તું તારા દીકરાને ઓળખતી નથી. ખુંખાર પ્રાણી આવશે તોયે એ ખાઈને જ જશે. એ એને જોઈતી વસ્તુ ખાશે. ક્યાં તો ડંડો ખાશે ક્યાં તો દાતરડું. પણ ખાશે ખરો. સમજી ગઈ.'

'આવ્યો મોટો સિંહ અને ચિત્તાને ડંડો મારવાવાળો. જા છાનોમાનો રમ. એ આવશે અને ત્રાડ પાડશે તો ઉભી પૂંછડીએ ભાગીશ. સમજ્યો!'

અર્જુન બોલ્યો, 'તો જોઈ લેજે મા. એની ત્રાડના ત્રણ ટૂકડાં ના કરી દે તો હું તારો બેટો નહીં. તારો દીકરો માત્ર અટકથી જ નહીં શક્તિથી પણ સિંહ જ છે.'



વાઘ જેવા વાઘના મુખમાંથી પોતાની માતાને હેમખેમ છોડાવનારા આ બહાદૂર ટાઈગરનું સન્માન ભારત સરકાર દ્વારા પણ કરવામાં આવ્યુ. ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૬ના દિવસે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે અર્જુનને બહાદૂરી માટેનો 'સંજય ચોપરા વીરતા પુરસ્કાર' આપવામાં આવ્યો. એ દિવસે એના માતા-પિતા સહિત બધાએ ગૌરવની લાગણી અનુભવી. મા હવે એને ક્યારેય કહેતી નથી કે તું પ્રાણીઓ સાથે રમવાનું બંદ કર.

મા હસતી હસતી એના માથે હાથ ફેરવતી અને કહેતી, 'બેટા, એ પ્રાણીઓ ખૂબ જ શક્તિશાળી હોય. એની સામે લડવાનું માણસનું ગજું નહીં. એમાંય તું તો નાનકડું બાળ. જોજે એવું ગાંડપણ કદી કરતો નહીં.'

અર્જુન કંઈ બોલતો નહીં. મા એના કામે લાગતી અને અર્જુન એના.

૧૬મી જુલાઈ, ૨૦૧૫નો દિવસ હતો. ચોમાસુ બરાબરનું જામ્યુ હતું. જંગલોએ જાણે નવા કપડાં પહેર્યા હોય એમ આખુ જંગલ નવા નવા લીલા પાંદડાઓથી ખીલી રહ્યું હતું. પહાડો જાણે હમણા જ ન્હાઈને બેઠા હોય એવા લાગતા હતા. છેલ્લા ત્રણ દિવસથી સતત ધોધમાર વરસાદ પડતો હતો. આજે થોડો ઉઘાડ થયો હતો.

ગામનો મજૂર વર્ગ ત્રણ દિવસની જાહેર રજા પછી કામ ધંધે ગયો હતો. અર્જુન અને એની મા ઘરમાં એકલાં જ હતા. અર્જુન ઘરની અંદર બેઠો બેઠો ભણી રહ્યો હતો. મા ઘરની સામે બનાવેલા ઢોર બાંધવાના વાડમાં ઢોરને ચારો નાંખી રહી હતી.

માનું ધ્યાન ચારો નાંખવામાં હતું. એ ભેંસને પૂળો નાંખી રહી હતી ત્યાંજ એક જોરદાર ત્રાડ એના કાનમાં સંભળાઈ. મા થથરી ગઈ. એણે પાછળ જોયું, એક ખુંખાર વાઘ ઉભો હતો. એની આંખો લાલ હતી. એ ભૂખ્યો હોય એવું લાગતું હતું. મા કંઈ વિચારે, કે ભાગે એ પહેલાં જ વાઘ એના પર ત્રાટક્યો. મા નીચે પડી ગઈ અને વાઘ એને ખાઈ જવા માટે એને બચકાં ભરવા લાગ્યો. મા છૂટવાનો પ્રયત્ન કરતી હતી. વાઘને ફાવવા નહોતી દેતી. પણ તેમ છતાં વાઘે ખભાના ભાગે એના ધારદાર દાંત ભરાવી બચકું ભરી જ લીધું. ગામમાં ઘર છૂટા છવાયા હતા એટલે કોઈ આવે એવી જરાય શક્યતા નહોતી. વાઘે બચકુ ભર્યુ એટલે માની ચીસ નીકળી ગઈ. એવી જોરદાર ચીસ કે છેક ઘરમાં બેઠેલા અર્જુનના કાનમાં પ્રવેશી.

માની ચીસ સાંભળી અર્જુન એક જાટકે ઉભો થઈ ગયો. એના હાથમાંથી પેન અને નોટબૂક પડી ગયા. એ તરત જ બહાર દોડ્યો. સામે ભજવાઈ રહેલું દશ્ય જોઈને હેબતાઈ ગયો, ખુંખાર વાઘે એની માતા પર હુમલો કર્યો હતો. મા વાઘથી બચવા માટે તરફડીયા મારી રહી હતી.

માને વાઘના સકંજામાં જોઈને એ સોળ વર્ષના છોકરાની રગોમાં અચાનક તાકાત ભરાઈ આવી. એણે બાજુમાં પડેલું દાંતરડું લીધું અને વાડા તરફ દોડ્યો. જાણે કોઈ વાવાઝોડુ આવ્યુ હોય એમ એ વાડા તરફ ધસમસ્યો. માએ એને જોયો. એ વધારે ગભરાઈ. એને થયું, વાઘ હવે એના દીકરાને પણ ફાડી ખાશે.

અર્જુન ખૂબ જ ગુસ્સામાં હતો. એના હાથમાં દાતરડું હતું, બાહુંમાં શક્તિ અને આંખમાં ગુસ્સો હતા. વાઘ હવે માને ફાડી ખાવાની તૈયારમાં હતો ત્યાં જ અર્જુન નામના ટાઈગરે ત્રાડ નાંખી, 'હેય... છોડી દે મારી માને!' ત્રાડ પાડી એ વાઘ પર લપક્યો.

અચાનક પ્રહાર થવાની વાઘ મુંઝાયો. એ માને છોડીને અર્જુન પર ત્રાટક્યો. પછી તો એ સોળ વર્ષના બહાદૂર અર્જુન અને ખુંખાર વાઘ વચ્ચે યુદ્ધ જામ્યુ. એક ખરો ટાઈગર હતો તો બીજામાં ટાઈગર જેવી શક્તિ હતી. વાઘ એ કુમળા બાળકને ફાડી ખાવા માટે પ્રયત્ન કરવા લાગ્યો. પણ અર્જુને એના મજબુત બાહુઓ વડે એને પછાડ્યે રાખ્યો અને લાગ મળે ત્યાં દાતરડું પણ વીંજવા માંડ્યુ. મા નિ:સહાય થઈને ચીસો પાડી રહી હતી પણ કોઈ દેખાયું જ નહીં. આ તરફ અર્જુન સબો સબ દાતરડાંના પ્રહારો કરી રહ્યો હતો. વાઘના શરીર પર અનેક લસરકા ઉઠ્યા. લોહીના ફુવારા ઉડ્યા. અર્જુન પોતે વાઘના લોહીથી તરબોળ થઈ ગયો. વાઘની શક્તિ ઘટી ગઈ. પીડા વધી. અર્જુને એને અધમૂવો કરી નાંખ્યો હતો. આખરે અર્જુન એને વધારે મારે એ પહેલાં જ વાઘ ભાગ્યો. ટાઈગર ઉભી પૂંછડીએ ભાગ્યો.

અર્જુન વાડાની વચ્ચો વચ્ચ યુદ્ધ જીતેલા રાજાની અદાથી ઉભો રહ્યો. એના કપડાં લોહી વાળા હતા, હાથમાં દાતરડું હતું. શરીરમાંથી હજુ શક્તિ ઓસરી નહોતી. એને જોઈને એમ લાગે જાણે સાક્ષાત અર્જુન દુશ્મનને હણીને ઉભો છે. એ સોળ વર્ષની કાયામાં એ દિવસે સોળ હજાર યોદ્ધાઓની શક્તિ સામટી ઉમેરાઈ હતી.

મા દોડીને એને વળગી પડી, 'મારા દીકરા તને કાંઈ થયું તો નથી ને?'

અર્જુન બોલ્યો, 'ના, મા મને કશું જ નથી થયું. તને વાઘે બચકું ભર્યુ છે. તું જલ્દી પાટો બાંધી દે.'

માની આંખો આંસુથી ભીંજાઈ ગઈ, 'બેટા, તે મને બચાવવા તારી જિંદગી જોખમમાં નાખી. વાઘ જેવા વાઘને મારી ભગાડ્યો.'

અર્જુન બોલ્યો, 'મા, હું કહેતો હતો ને કે વાઘ આવશે તો પણ ખાધા વિના નહીં જાય!'

મા બોલી, 'તું તો મારો ટાઈગર છે! ટાઈગર! ' મા દીકરો બંને રડતાં રડતાં હસી પડ્યા.

એ દિવસે ગામમાં જ્યારે અર્જુનની બહાદૂરીની ખબર પડી ત્યારે સૌ કોઈએ એને શાબ્બાશી આપી. વાત આખા જિલ્લામાં ફરી વળી. એક સોળ વર્ષના છોકરાએ વાઘને મારી ભગાડ્યો. એ પછી સમગ્ર ગામે એનું સન્માન કર્યુ અને જિલ્લાએ પણ કર્યુ. બસ ત્યારથી અર્જન એમના ગામમાં ટાઈગર તરીકે ઓળખાવા લાગ્યો.

# જ્યાં સતીમાતાના અંગના ટુકડા પડ્યા તે પવિત્ર સ્થળે શક્તિપીઠની સ્થાપના થઇ, ૫૧ શક્તિપીઠ માંથી ૪ ગુજરાતમાં સ્થપાઇ

શક્તિપીઠોનો જો સામાન્ય અર્થ કરીએ તો જ્યાં શક્તિઓનો અમાપ ખજાનો છે તેવું સ્થળ. ગુજરાતમાં રહેલી ૪ શક્તિપીઠોની સ્થાપના અને તેમના ઈતિહાસ વિશે માહિતી મેળવવી જોઈએ. કારણ કે આપણી પરંપરા અને આસ્થા જોડાયેલી આ ચાર શક્તિપીઠ આવનારી પેઢી માટે મહત્વની રહેશે. રાજા દક્ષરાજાએ યજ્ઞ કરાવ્યો હતો અને તેમાં મહાદેવજીને આમંત્રણ આપવામાં આવ્યું નહોતું એ જાણીને સતીમાતાએ એ જ યજ્ઞકુંડમાં પોતાને સમર્પિત કરી દીધા હતા અને જ્યારે આ વાત એ ભગવાન શિવને ખબર પડી ત્યારે મહાદેવજી એ સતીના શબને લઈને ગુસ્સામાં ત્રાંડવ નૃત્ય કરતા હતા મહાદેવજી એ પોતાના ત્રીજા નેત્રથી સંપૂર્ણ સૃષ્ટિનો નાશ કરવાની તૈયારીમાં હતા તેમની આવી પરિસ્થિતિ જોઈને દેવો એ ભગવાન વિષ્ણુ પાસે આવે છે અને આ સમગ્ર સૃષ્ટિને બચાવવા માટે કહે છે ત્યારે ભગવાન વિષ્ણુ એ પોતાના સુદર્શન ચક્રથી સતી માતાના શરીરના ટુકડા કરી દીધા હતા અને જ્યાં પણ સતી માતાના શરીરના અંગ પડ્યા ત્યાં ત્યાં તેમની શક્તિપીઠની સ્થાપના થઈ.



## અંબાજી શક્તિપીઠ

આપણા ગુજરાતમાં આવેલ શક્તિપીઠ એટલે આપણું અંબાજી મંદિર, કહેવાય છે કે અહિયાં સતીમાતાનું હૃદય પડ્યું હતું એટલે આ શક્તિપીઠ કહેવાય છે, અંબાજીમાં આવેલ ગબ્બરને ઘણા આરાસુર પર્વત તરીકે પણ ઓળખે છે. એવું કહેવાય છે કે માતા ભગવતીએ અહિયાં આરાસુર સહીત મહિષાસુર અને શુંભ-નીશુંભ જેવા રાક્ષસોનો અહિયાં નાશ કર્યો હતો. અંબાજી મંદિરના ચોકને ચાચર ચોક તરીકે ઓળખવામાં આવે છે. પૌરાણિક વાર્તા અનુસાર એવું પણ માનવામાં આવે છે કે અહિયાં આ ચોકમાં જ બાળ કૃષ્ણની બાબરી કરવામાં આવી હતી. અહિયાં અનેક ભક્તો પૂનમ ભરવા માટે આવતા હોય છે. આ મંદિરમાં માનતા રાખનાર દરેકની મનોકામના પૂર્ણ થાય છે. આ મંદિર એ બનાસકાંઠામાં આવેલ છે તમે અહિંયા પોતાનો વાહન દ્વારા પણ જઈ શકો છો.



## પાવાગઢ શક્તિપીઠ

પાવાગઢ શક્તિપીઠ એ જ્યારે ભગવાન વિષ્ણુએ સતીમાતાના શરીરના ટુકડા કર્યા હતા ત્યારે અહિયાં માતાજીના જમણા પગની આંગળી પડી હતી એટલા માટે આ શક્તિપીઠ અહિયાં છે. અહિયાં માતા એ મહાકાળી સ્વરૂપે બિરાજમાન છે. મહાકાળી માતાએ રક્તબીજ નામના રાક્ષસનો વધ કરવા માટે તેના શરીરના બધા જ રક્તનું સેવન કર્યું હતું. આ સિવાય માતા મહાકાળીએ ચંડ અને મુંડ નામના બીજા રાક્ષસોનો પણ વધ કર્યો હતો. ભક્તો અહિયાં દર્શન કરવા આવે છે.

તેઓ પગથીયા ચઢીને પણ માતાજીના દર્શન કરવા જઈ શકે છે અને જો કોઈ વડીલથી ચઢાય એમ ના હોય તો તેઓ અહિયાં આવેલ રોપ-વેની મદદથી પણ ઉપર ચઢી શકે છે. પાવાગઢ એ પંચમહાલ જિલ્લાના હાલોલ નજીક આવેલ છે. ગુજરાતના પંચમહાલ જિલ્લામાં પાવાગઢનું મંદિર આવેલું છે. પાવાગઢ મહાકાળી માતાના શક્તિપીઠ તરીકે ઓળખવામાં આવે છે. આ મંદિર ખૂબ જ પૌરાણિક ઐતિહાસિક અને ધાર્મિક તથા પ્રવાસન સ્થળ તરીકે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આજે લગભગ જ એવો કોઈ ગુજરાતી હશે જેણે આ પવિત્ર શક્તિપીઠની મુલાકાત ના લીધી હોય. અહિયાં પાવાગઢ પાસે જ જાંબુઘોડાનું જંગલ આવેલ છે તો તમે ત્યાં પણ જઈ શકો છો.

## બહુચરાજી શક્તિપીઠ

ગુજરાતમાં મહેસાણા પાસે આવેલ આ સ્થાન એટલે બહુચરાજી કહેવાય છે કે આ જગ્યાએ સતી માતાનો ડાબો હાથ પડ્યો હતો. આ મંદિરની એવી માનતા છે કે જો કોઈ બાળક એ સમયસર બોલતા નથી શીખતું કે પછી અટકી અટકીને બોલે છે તો આ મંદિરની બાધા રાખવાથી બાળક જલ્દી જ બોલતું થઈ જાય છે. અહિયાં ચૈત્ર મહિનામાં બહુ મોટો મેળો ભરાય છે. બહુચરાજીની ફક્ત ૧૪ કિલોમીટર દૂર મોઢેરાનું સૂર્યમંદિર આવેલ છે તો જો તમે આ મંદિરે કે મોઢેરા જવાનું વિચારો છો તો બંને સ્થળની મુલાકાત જરૂરથી લેજો.



## ભરૂચનું અંબાજી શક્તિપીઠ

હવે પછી નજીકના ભવિષ્યમાં આ સ્થાનની પણ ગણના માતાજીના શક્તિપીઠ તરીકે કરવામાં આવશે. કહેવાય છે કે અહિયાં સૌથી પહેલા ચંદન અને સુખડમાંથી બનાવેલ માતાની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી.  આ મંદિર એ ભરૂચના દાંડિયાબજાર વિસ્તારમાં આવેલ છે.

આમ આપણા ગુજરાતમાં એવા ઘણા પૌરાણિક મંદિરો અને ઐતિહાસિક જગ્યાઓ આવેલ છે જેની મુલાકાત દરેક ગુજરાતીઓએ લેવી જ જોઈએ. જો તમે પણ આ દરેક જગ્યાની મુલાકાત લીધી હોય તો કોમેન્ટમાં તમારા અનુભવ અને ફોટા શેર કરો બીજા મિત્રોને પણ જણાવો.



# કોરોના કાળમાં નવરાત્રિની નવ દેવીઓની પૂજા- અર્ચના કરો અને સુખકારક સ્વાસ્થ્ય મેળવો, દરેક દિવસે ખાસ મંત્રનો જાપ કરો

નવરાત્રી શબ્દ સંસ્કૃત ભાષા પરથી આવ્યો છે. જેનો અર્થ થાય છે નવ રાત, સનાતન ધર્મીઓ એટલે કે હિંદુઓ માટે નવરાત્રિનું મહત્ત્વ ખૂબ જ અનેરું છે. આ નવ દિવસ સુધીમાં આદ્યશક્તિ જગદંબાના જુદા જુદા સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. રાત્રિ દરમિયાન મોડે સુધી જાગીને માંના ગરબા ગાઈ અને રમીને તહેવારની ઉજવણી કરવામાં આવે છે. વર્ષમાં નવરાત્રિનો તહેવાર કુલ ચાર વખત આવે છે. જેમાં બે નવરાત્રિ ગુપ્ત નવરાત્રિ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ એક માત્ર શારદીય નવરાત્રિ જ છે જેને ઉજવણી ખૂબ જ વ્યાપક સ્વરૂપે કરવામાં આવે છે. તો ચાલો જાણીએ આ નવ દિવસોમાં ક્યા દિવસે ક્યા માતાજીની પૂજા અર્ચના કરવાથી કેવું ફળ મળે છે.

## પ્રથમ દિવસ: શૈલપુત્રી

શૈલપુત્રીનો અર્થ થાય છે કે પર્વતની પુત્રી. માં શૈલપુત્રી એટલે હિમાલયની પુત્રી ખુદ પરામ્બા પાર્વતીનું સ્વરૂપ છે આ માં શૈલપુત્રી અખંડ સૌભાગ્યની દાતા છે. કોઈપણ પ્રકારની કાર્યસિદ્ધિ માટે અને દરેક ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે માંના આ સ્વરૂપની પૂજા અર્ચના કરવામાં આવે છે. પોતાનું ધ્યાન શરીરમાં આવેલ મૂલધાર ચક્ર પર કેન્દ્રિત કરી નીચેના મંત્ર સાથે શૈલપુત્રીનું ધ્યાન ધરો..... वन्दे वाञ्छितलाभाय चन्द्रार्धकृतशेखराम् । वृषारूढां शूलधरां शैलपुत्रीं यशस्विनीम् ॥

## બીજો દિવસ: બ્રહ્મચારિણી દેવી

બ્રહ્મચારિણીનો અર્થ થાય છે બ્રહ્મચર્યનું પાલન કરનાર દેવી. માંનું આ સ્વરૂપ તપસ્વી સ્વરૂપ છે. બ્રહ્મચર્યનો અર્થ પણ તમારે પહેલા સમજી લેવાની જરૂર છે. આ શબ્દ બે શબ્દથી બન્યો છે બ્રહ્મ એટલે કે તપ અને ચર્ય એટલે કે તેમાં વિહાર કરનાર, અર્થાત્ તપમય જીવન જીવવાવાળી. તમારી વ્રત પૂજામાં આવતી કોઈપણ બાધા અને સમસ્યાને દૂર કરવા માટે માં બ્રહ્મચારિણીનું ધ્યાન કરીને પૂજા કરો. : दधाना करपद्माभ्यामक्षमालाकमण्डलू । देवी प्रसीदतु मयि ब्रह्मचारिण्यनुत्तमा ॥

## ત્રીજો દિવસ: ચંદ્રઘંટા સ્વરૂપ

ચંદ્રઘંટાનો અર્થ થાય છે ચંદ્ર સમાન પ્રકાશમાંન ઘંટ સાથેની દેવી. આ સ્વરૂપમાં માતાના મસ્તક પર ઘંટ આકારનો ચંદ્ર હોય છે. જે તમામ નકારાત્મક શક્તિઓના નાશનું પ્રતિક છે. આ સ્વરૂપના પૂજન અર્ચન અને ધ્યાનથી માં પોતાના ભક્તોના જીવનમાં ચંદ્રની શીતળતા જેવો આનંદ આપે છે અને તેની આસપાસ રહેલી નકારાત્મક્તાનો નાશ કરે છે. માંનું આ સ્વરૂપ ભક્તોના તમામ ભયને હરી લઈને તેમને નિર્ભયતાનું વરદાન આપે છે. આ છે તેમના ધ્યાન માટેનો મંત્ર : पिण्डजप्रवरारुढा चण्डकोपास्त्रकैर्युता । प्रसादं तनुते मह्यां चन्द्रघण्टेति विश्रुता ॥

## ચોથો દિવસ: કૂષ્માંડા સ્વરૂપ

કૂષ્માંડાનો અર્થ થાય છે જેના ચરણોમાં સમગ્ર સંસાર રહેલો છે. માં આદ્યશક્તિના આ સ્વરૂપમાંથી જ સમગ્ર સૃષ્ટિનું નિર્માણ થયું હોવાનું શાસ્ત્રો માને છે. તેમની પૂજા કરવાથી દરેક પ્રકારના રોગ અને શોકનો નાશ થાય છે. આ સાથે જ સાધકને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કોઈપણ રોગથી મુક્તિ મેળવવા માટે આ મંત્રથી માં કૂષ્માંડાનું ધ્યાન કરવું જોઈએ. वन्दे वांछित कामर्थेचन्द्रार्धकृतशेखराम् । सिंहरूढाअष्टभुजा कुष्माण्डायशस्वनीम् ॥

## પાંચમો દિવસ: સ્કંદમાતા સ્વરૂપ

મહાદેવના પુત્ર ભગવાન કાર્તિકેયનું એક નામ સ્કંદ કુમાર છે. અને તેની જ માતા એટલે કે બાળ કાર્તિકેયની માતા પાર્વતિનું આ સ્વરૂપ સ્કંદમાતા તરીકે પૂજવામાં આવે છે. દેવી ભાગવતમાં જણાવ્યા પ્રમાણે માતાના આ સ્વરૂપની પૂજાથી સંતાન પ્રાપ્તિનો મનોરથ પૂર્ણ થાય છે. તેમજ વંશ આગળ વધે છે. વાંઝિયાપણાનો શ્રાપ દૂર કરવા માટે માતાનું ધ્યાન ધરી તેમની સાધના કરવી જોઈએ. : नमामि स्कन्दमाता स्कन्दधारिणीम् । समग्रतत्वसागररमपारपार गहराम् ॥

## છઠ્ઠો દિવસ : માં કાત્યાયની સ્વરૂપ

નવરાત્રિના છઠ્ઠા દિવસે માં કાત્યાયનીનું પૂજન અર્ચન કરવામાં આવે છે. ઋષિ કાત્યાયનની તપસ્યાથી પ્રસન્ન થઈને દેવીએ તેમના ઘરે પુત્રી તરીકે અવતરવાનું વરદાન આપ્યું હતું. માંનું આ સ્વરૂપ અમોઘ ફળદાયક ગણાય છે. એટલે કે આ સ્વરૂપની પૂજા-અર્ચનાથી એવું ફળ મળે છે જેનો ક્યારેય નાશ નથી થતો. તેમની સાધનાનો મંત્ર છે: कंचनाभा वराभयं पद्मधरां मुकटोज्जवलां । स्मेरमुखीं शिवपत्नी कात्यायनी नमोस्तुते ॥

## સાતમો દિવસ : કાળરાત્રિ સ્વરૂપ

માં દુર્ગાનું કાળરાત્રિ સ્વરૂપ દુષ્ટ અને ખરાબ શક્તિઓનું નાશક છે. દેખાવમાં અત્યંત ભયાવહમાં પોતાના ભક્ત માટે પુત્ર સમાન વાત્સલ્ય મૂર્તિ બની જાય છે. તેમનું સ્વરૂપ અંધકાર જેવું કાળું, વાળ ખુલ્લા અને ગધેડા પર સવારી કરતું છે. આ સ્વરૂપમાં માતાને ત્રણ નેત્ર છે. જેનાથી નીકળતું તેજ આસૂરી અને ખરાબ શક્તિઓનો નાશ કરે છે. માંના આ સ્વરૂપની પૂજા અર્ચના અને ધ્યાનથી તમારા તમામ પ્રકારના ભયનો નાશ થાય છે અને કોઈ ઘોર મુશ્કેલીમાં કે શત્રુ વચ્ચે ફસાઈ ગયા હોવ તો તાત્કાલિક મુક્તિ મળે છે : एकवेणी जपाकर्णपूरा नग्ना खारास्थिता, लम्बोष्टी कर्णिकाकर्णी तैलाभ्यक्तशरीरिणी । वामपादोल्ल सल्लोहलता कण्टक भूषणा, वर्धनमूर्धध्वजा कृष्णा कालरात्रिर्भयङ्करी ॥

## આઠમો દિવસ: મહાગૌરી સ્વરૂપા

મહાગૌરી સ્વરૂપ માતાનું સુંદરઆભામંડળ સાથે સર્વશક્તિ સ્વરૂપ છે. માંના આ સ્વરૂપને અન્નપૂર્ણા, ઐશ્વર્ય પ્રદાતા, માનસિક શાંતિ આપનાર અને સાંસારિક તાપથી મુક્તિ આપનાર માનવામાં આવે છે. માં દુર્ગાના આ સ્વરૂપની પૂજા એટલા માટે કરવામાં આવે છે કેમ કે જ્યારે માતા આ સ્વરૂપે પ્રગટ થયા ત્યારે તેમની ઉંમર આઠ વર્ષની બાળા સમાન હતી :  वन्दे वांछित कामार्थे चन्द्रार्धकृत शेखराम् । सिंहरूढा चतुर्भुजा महागौरी यशस्वीनम् ॥

## નવમો દિવસ : માં સિદ્ધિદાત્રી

માં આદ્યશક્તિ પોતાના સિદ્ધિદાત્રી સ્વરૂપના પૂજનથી ભક્તની તમામ મનોકામના પૂર્ણ કરે છે. માં સિદ્ધિદાત્રીનું આ સ્વરૂપ શાંત મુદ્રામાં રહીને પોતાના ભક્તોને અભયદાન આપે છે. ભગવાન શિવને પતિરૂપે પામવા માટે માતાએ હજારો વર્ષ સુધી કઠોર તપસ્યા કરી જેના પરિણામે તેમનો રંગ શ્યામ પડી ગયો હતો. જે બાદ મહાદેવની કૃપાથી ગંગાજળમાં સ્નાન કરીને માતાએ દિવ્ય મનોહર શાંત સ્વરૂપ ધારણ કર્યું. તેથી આ સ્વરૂપના પૂજનથી માતા પોતાના ભક્તોની લૌકિક અને પારલૌકિક તમામ ઈચ્છાઓ પૂર્ણ કરે છે. :  वन्दे वांछित मनोरथार्थ चन्द्राधर्मकृत शेखराम् । कमलस्थितां चतुर्भुजा सिद्धिदात्री यशस्वीनम् ॥





## ધ ઓપન પેજની અપીલ: નવરાત્રિ ઘરમાં રહીને ઉજવીએ

બળમિત્રો અને વડિલો, આવનો મિત્ર ધ ઓપન પેજ આપને આ નવરાત્રી પર અપીલ કરી રહ્યું છે કે નવરાત્રિની ઉજવણી ઘરમાં જ રહીને કરો. આ કોરોના મહામારીના સમયમાં એક સ્થળે વધુ લોકોને એક સાથે એકઠા થવાની સ્થિતીમાં કોરોના ફેલાવવાનો ખતરો વધી શકે છે. જેથી બાળકો અને વડીલોને તો ઘરમાં જ નવરાત્રિની ઉજવણી કરવી જોઇએ. ખાસ કરીને આ કોરોના કાળમાં જ્યારે પણ તમે ઘરની બહાર નિકળો છો ત્યારે માસ્ક અવશ્ય પહેરો, ઉપરાંત સેનેટાઇઝરને હંમેશા પોતાની સાથે રાખો. આ ઉપરાંત આ વર્ષે એવો પણ નિશ્ચય કરો કે ઘરે ગરબા કરો સાથે જ ઘરના તમામ લોકોને તેમાં જોડો. જેથી એક પરીવારની ભાવના પણ વિકસશે. અત્યાર સુધી લોકડાઉનની જો પોઝિટીવ સાઇડ જોઇએ તો પરિવારો નજીક આવ્યા છે. જે લોકો એક સાથે બેસીને જમતા પણ ન હતા તેઓ સાથે બેસીને ઘણો સમય પસાર કરી રહ્યાં છે. જેથી આ વર્ષે નવરાત્રિમાં પણ ઘરના લોકો સાથે જ નવરાત્રિ ઉજવણી કરવાનું પ્લાનિંગ કરીએ. પરંતુ દરેક ઉજવણીમાં એક બાબતનું ખાસ ધ્યાન રાખવું પડશે મિત્રો કે સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન આપણે હંમેશા કરવું પડશે.

## ટપકાં જોડી કલર પૂરો




## બે ચિત્રમાંથી સાત તફાવત શોધો





## ઉખાણા

**ઝડપવાળો જમાદાર,**
**સવારી માંહે પૂરો**
**રથ-ગાડીમાં ઉપયોગી,**
**લડાઇ માંહે શૂરો**

○ ગધેડું ○ ઘોડો ○ ઊંટ ○ જિરાફ

**વાઘની હું માસી,**
**ને ઉંદરની છું કાળ,**
**ઘી-દૂધ વિના ન ખાઉં**
**કદી હું મોળો માલ**

○ બિલાડી ○ શિયાળ ○ સિંહ ○ ઉંદર

**ધરતીના પેટાળમાં ઊપસેલો તંબુ,**
**વાદળ સાથે વાતું કરતો, ઉપર લાગે ઠંડુ**

○ દરિયો ○ પર્વત ○ ખીણ ○ ઝાડી

**ઘરમાં ઘર તેમાં,**
**રમે કેસરિયો વર,**
**લાકડાં ખાઈ ખાઇને,**
**કાઢે ખાખી ગર**

○ કોબી ○ લાઠી ○ ભઠ્ઠી ○ મેથી

**કેરીનો ભાઇ વેરી,**
**તેણે ઘાઘરી પેરી,**
**શાકનો શત્રુ એ,**
**રાખો ખિસ્સામાં ઘેરી**

○ પેન ○ ડાયરી ○ છરી ○ પૈસા

જવાબ: ઘોડો, બિલાડી, પર્વત, ભઠ્ઠી, છરી

## યોગ્ય ગણતરી કરો




## ગણતરી કરી યોગ્ય સંખ્યા લખો



## શબ્દો શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખ | ણે | સ | ધ | દ | ન | ઐ | ક | ક | ણા | લ | ધ |
| મા | ક | ણે | બં | કા | તિ | વા | ધ | દ | મો | ક | વ |
| સ | વ | ક | મ | હા | ઓ | સ | કા | ક | તુ | સ | લા |
| ક | ર | જ | સિ | તી | ઝ | ત | ભો | ડ | ર | લ | મી |
| અ | લી | ક | ર | ર | લ | કા | ક્રો | વા | ઇ | વિ | હિ |
| ઐ | હા | ધ | દ | ક | ણે | ઈ | ર | શ | હા | ન | ળ |
| ખ | રા | બ | અ | લી | તુ | વા | વિ | શ | વિ | ઊ | મ |
| ણા | ક્ષ | જા | ન | સ | તી | દ | ઔ | ક્રો | કા | દ | કા |
| ઉ | ણ | ઇ | તિ | હા | સ | ઔ | ચા | અઃ | ળ | મા | આ |
| ક | પ | કુ | કા | બૂ | કી | ળ | દ | ણા | મા | ણે | ર |
| વ | ણિ | હા | ક્ષ | સ | અ | ઉ | ર | ઔ | દ | વ | ગં |
| ધ | બૂ | તુ | ર | ધ | અં | પ્રા | રી | ધ | બા | દ | ન |

અજાણ
ઇતિહાસ
ઉપહાર
ઐતિહાસિક
ઓઝલ
કડવાશ
કદ
કમોસમી
કરજ
ખરાબ

## ચાલો ટ્વીટી દોરતા શીખીએ



## હસો અને હસાવો

### ડોક્ટર સાહેબ

**મનુઃ** ડોક્ટર સાહેબ, તમારી સારવારથી મને ઘણો ફાયદો થયો છે.
ડોક્ટર ગટુ, મને એ યાદ નથી આવતું કે મેં તમારી ક્યારે સારવાર કરી હતી.
**મનુઃ** તમે મારી નહીં, પરંતુ મારા કાકાની સારવાર કરી હતી. એ સ્વર્ગમાં સિધાવ્યા અને હું તેમનો એકમાત્ર વારસદાર હોવાથી તેમની બધીજ મિલકત મને મળી છે.

### હિસાબમાં ભૂલ

**ગ્રાહકઃ** તમે હિસાબમાં ભૂલ કરી છે, પાંચ રૂપિયા ઓછા આપ્યા છે, તમે ગ્રાહકોને છેતરતા શરમ નથી આવતી?
**દુકાનદારઃ** પણ આ પહેલા મે તમને ભૂલથી પાંચ રૂપિયા વધુ આપ્યા હતા ત્યારે તો તમે કંઇ ન બોલ્યા.
**ગ્રાહકઃ** મારો નિયમ છે કે દરેક માણસને સુધરવાની એક તક જરૂર આપવી જોઇએ.

## પહેલા પાનાનું અનુસંધાન

માનવીય મૂલ્યો, જેવાંકે કરૂણા, દયા, પ્રામાણિકતા, સ્વચ્છતા, ન્યાય, નિષ્પક્ષતા, આદર, શિષ્ટાચાર, સૌજન્ય, નાગરિક તરીકેની ફરજો, સહકાર, સમૂહ ભાવના, બંધારણીય મૂલ્યોનું જતન તેમજ અન્ય સમાવેશી મૂલ્યોના સંવર્ધનપરક જ્ઞાન અને કૌશલ્યોનું શિક્ષણ તથા પ્રેરણા આપવા.

ભારતીય સાંસ્કૃતિક પરંપરા અને મૂલ્યોને કેન્દ્ર સ્થાને રાખી ભારત વિશ્વગુરૂ બને તેવી શિક્ષણ પદ્ધતિ અમલમાં લાવવી.

- પૂર્વ પ્રાથમિક શિક્ષણનું માળખુ તાત્કાલિક અમલીકૃત કરી ૨૦૨૫નાં વર્ષ સુધીમાં સંપૂર્ણરીતે કાર્યરત બનાવવામાં આવશે. NCERT પૂર્વપ્રાથમિક અભ્યાસક્રમનું માળખુ નવેસરથી બનાવશે અને તે માટે ધોરણ ૧૨ પાસ કરેલ શિક્ષકોની તાલીમ માટેનું વ્યવસ્થાતંત્ર ઉભું કરશે જે ઓનલાઇન તથા ઓફલાઇન મિશ્ર પદ્ધતિથી અમલમાં મુકાશે..
- ઉચ્ચ ગુણવત્તાવાળું પૂર્વ પ્રાથમિક શિક્ષણ તબક્કાવાર દાખલ કરવું વિશેષ કરીને આંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો તેમજ સામાજિક અને આર્થિક રીતે પછાત લોકોને શિક્ષણ પહોંચે તેવા પ્રયત્ન કરવા એને તે માટે વિવિધ પ્રકારની સંસ્થાઓ જેવીકે આંગણવાડી, સ્વતંત્ર પૂર્વપ્રાથમિક શાળા, હાઇસ્કૂલ સાથે સંલગ્ન પૂર્વ પ્રાથમિક શાળા વિગેરે શાળાઓ નવી નીતિના સંદર્ભે કાર્યરત કરવામાં આવશે.
- આ નીતિમાં અભ્યાસક્રમ તેમજ અધ્યયન-અધ્યાયન પદ્ધતિ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. જેમાં મુખ્ય બાબતો સર્વગ્રાહી શિક્ષણ, સંકલિત શિક્ષણ, વ્યાપક, આનંદદાયી અને વિદ્યાર્થી શીખવા માટે સ્વાભાવિક રીતે જ આકર્ષિત થાય તેવી શૈક્ષણિક પદ્ધતિઓ અપનાવવી.
- ધોરણ ૩ થી ૫ વિદ્યાર્થી 11Preparatory તબક્કા દરમિયાન પ્રવૃત્તિલક્ષી શિક્ષણ, ઔપચારિક વાંચન, લેખન અને ગણન શીખે તેવા ધ્યેય સાથે પાઠ્યપુસ્તક આધારિત શિક્ષણ દાખલ કરવું. આ ઉપરાંત ભાષાઓ, ગણિત, શારીરિક શિક્ષણ, વિજ્ઞાન, સામાન્ય વિજ્ઞાન વિવિધ કળાઓ જેવા વિષયો શીખવવા..
- ધોરણ ૬ થી ૮ વિદ્યાર્થી વય ૧૧ વર્ષથી ૧૪ Middle School તબક્કા દરમિયાન જે તે વિષય શિક્ષક દ્વારા વિવિધ વિષયોનું શિક્ષણ આપવું તેમજ અમુર્ત સંકલ્પનાની સમજ આપવી. ગણિત, વિજ્ઞાન, ભાષાઓ, સામાજિક વિજ્ઞાન ઉપરાંત વિવિધ વિદ્યાર્થીની પસંદગીના વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોનું ફરજિયાતપણે શિક્ષણ આપવું, એટલુ જ નહીં, કમ્પ્યુટર પ્રોગ્રામિંગ, કોડિંગ જેવા બિન પરંપરાગત વિષયોનો પણ સમાવેશ કરવો.
- ધોરણ ૯ થી ૧૨ વિદ્યાર્થી વય ૧૪ થી ૧૮ વર્ષ High School તબક્કા દરમિયાન બહુવિધ વિષયોના વિકલ્પ સાથે ચાર વર્ષના શિક્ષણમાં જે તે વિષય અનુસાર અલગ-અલગ શિક્ષણ પદ્ધતિ દ્વારા શિક્ષણ આપવામાં આવશે. આ સંદર્ભે વિદ્યાર્થી પોતાની રસ રૂચિ અનુસાર દરેક વિષયનં ચિંતનાત્મક વિચારણા પૂર્વક ઉંડાણથી અભ્યાસ કરી શકે તે મુજબનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવશે. અહી વિદ્યાર્થીને વિષય પસંદગીની તક મળશે. આ વિષયોનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરવામાં આવશે.

અભ્યાસક્રમ અને શિક્ષણ પદ્ધતિ

- વિવિધ વિષયોના અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ મૂળભૂત આવશ્યક સંકલ્પનાઓ પૂરતાં જ મર્યાદિત રાખવામાં આવશે. તેમાં પરંપરાગત વિષયોજેવા કે વિવિધ ભાષાઓ, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને વિવિધ વ્યવસાયલક્ષી વિષયોનું શિક્ષણ આપવામાં આવશે. તદ્દુપરાંત ૨૧મી સદીમાં ઉદ્યાયોગી એવા વિષયો જેવા કે આર્ટીફિશિયલ, ઇંટેલિજન્સ, ડિઝાઇન થિન્કીંગ, પબ્લિક હેલ્થ, આર્ગેનિક લિવિંગ જેવા વિષયોનો પણ સમાવેશ કરાશે.

શૈક્ષણિક અભ્યાસક્રમ રચના, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ સમાવેશ તેમજ પાઠ્યપુસ્તક તૈયાર કરતાં નીચેની બાબતો ધ્યાને લેવામાં આવશે. જેવા વિષયોની આ વિષયોની માહિતી પ્રાપ્ત થાય અને તે માટે જરૂરી જ્ઞાન તેમજ કૌશલ્યોનો વિકાસ થાય તે મુજબનું આયોજન કરાશે. ફાઉન્ડેશન અને પ્રિપેરેટરી, એટલે કે પૂર્વ પ્રાથમિકથી ધોરણ ૫ સુધીનું શિક્ષણ માતૃભાષા/પ્રાદેશિક ભાષામાં આપવામાં આવશે.

ધોરણ ૬ થી ૮નું શિક્ષણ બાળકની મહદ્અંશે માતૃભાષામાં કે પ્રાદેશિક ભાષામાં અપાય તેવો આગ્રહ છે તેમ છતાં ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોમાં બહુભાષા અભિગમ અપનાવી માતૃભાષા ઉપરાંત અંગ્રેજી ભાષાનો ઉદ્યાયોગ પણ કરાશે. પાઠ્ય પુસ્તકો પણ આ મુજબ તૈયાર કરવામાં આવશે.

માતૃભાષા અને પ્રાદેશિક ભાષા ઉપરાંત વિદ્યાર્થીઓને તેમની રસરૂચિ મુજબ ભારતની અન્ય કોઇ ભાષા શીખવા માટેનાં વિકલ્પો આપવામાં આવશે.

### નવી શિક્ષણનીતિ અંગેના પડકારોઃ

- નવી શિક્ષણનીતિનું જે માળખું આપણી સમક્ષ મૂકવામાં આવ્યું છે તે માત્ર એક માળખાકીય દદ્ધતાવેજ છે. અતિશય મહત્વાકાંક્ષી લાગતી આ શિક્ષણનીતિનું અમલીકરણ કેવી રીતે કરવામાં આવશે તે અંગે આ દદ્ધતાવેજમાં કોઇ સ્પષ્ટતા નથી.
- આઝાદીનાં ૭૩ વર્ષ પછી પણ હજુ કેટલીયે શાળાઓ છાપરાવાળી છે. કાંતો એક કે બે વર્ગખંડમાં ચાલે છે. હાલનું શિક્ષણમાળખું ૧૦ + 2 પદ્ધતિથી ચાલે છે. ગ્રામીણ વિસ્તારોમાં નવી શિક્ષણનીતિ 5+3+3+4નાં અમલીકરણ માટે પૂર્વ પ્રાથમિક શાળાઓનું ભૌતિક માળખું ઉભું કરવું તે ખૂબ દૂરની વાસ્તવિકતા લાગે છે.
- પૂર્વ પ્રાથમિક તેમજ પ્રાથમિક શાળા શિક્ષણ માતૃભાષા કે પ્રાદેશિક ભાષામાં આપવું એ ખૂબજ આવકારદાયક પહેલ છે. આ વિચાર કાગળ ઉપર સારો લાગે છે. પરંતુ અંગ્રેજી માધ્યમ સ્કૂલમાં જ ભણાવવાની વાલીઓની માનસિકતા હોય ત્યારે આ વિચાર સાકાર થવો શું સંભવિત લાગે છે?
- અત્યાર સુધીની જુદી જુદી શિક્ષણનીતિ દ્વારા વ્યવસાયલક્ષી શિક્ષણ અને સમાજ ઉદ્યાયોગી શ્રમકાર્ય જેવા વિષયો કૌશલ્ય વર્ધન માટે તેમજ જીવનલક્ષી કેળવણી માટે દાખલ કરેલા જ છે. પરંતુ વાસ્તવમાં શાળા કક્ષાએ આપણે આ પ્રકારનું કૌશલ્ય વિકસાવવામાં કે વ્યવસાયલક્ષી શિક્ષણ આપવામાં સદંતર નિષ્ફળ નીવડ્યા છીએ. ત્યારે ફરીથી વ્યવસાયલક્ષી શિક્ષણ દાખલ કરવામાં આવ્યું છે તે કેટલું સફળ રહી શકે તે એક પ્રશ્નાર્થ જ છે.
- માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ ગોખણપટ્ટીને પ્રોત્સાહન આપતું ‘કોચિંગ કલ્ચર’ છેક નાનાં નાનાં ગામ સુધી પહોંચ્યું છે. ત્યારે નવી શિક્ષણનીતિમાં આ કલ્ચરને સદંતર નિર્મૂળ કરવાનો ખ્યાલ કેટલે અંશે અમલી બની શકશ?
- ભૂતકાળમાં આવેલ તમામ શિક્ષણનીતિમાં જીડીપીના ૬% ખર્ચ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ આજ દિન સુધીની કોઇપણ સરકારે આ દિશામાં કોઇ નક્કર પગલાં લીધેલા નથી. હવે જ્યારે ફરીથી નવી શિક્ષણ નીતિમાં શિક્ષણ પાછળ કુલ જીડીપી ૬% ખર્ચ કરવાની જાહેરાત કરી છે ત્યારે શુ તે શક્ય બનશે ખરૂં ?
- વિદ્યાર્થીઓને શિક્ષણ તો છેવટે શિક્ષકો દ્વારા આપવામાં આવે છે. ખાનગી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનાં વ્યવસાયિક લાયકાત તેમજ તેમને મળતાં વેતનનાં સ્તર શિક્ષણની ગુણવત્તા અંગે શંકાઓ જન્માવે તેવાં છે. આ સંજોગોમાં શિક્ષણનીતિના દસ્તાવેજો ગમે તેટલા મહત્વાકાંક્ષી હોય પરંતુ શું તે શિક્ષણની ગુણવત્તામાં સુધાર લાવવામાં ઉપકારક રહેશે ખરા ?

અંગ્રજીમાં કહેવત છેકે ‘Well – planned is half done’ નવી શિક્ષણનીતિ એ પ્રવર્તમાન શિક્ષણની જે કોઇ સમસ્યાઓ ખેર, આવનારા દસ વર્ષ બતાવશે કે નવી શિક્ષણનીતિમાં ‘હમને ક્યાં ખોયા, હમને ક્યાં પાયા’!

# ગૂઢ કળાઓઃ જ્યોતિષ શાસ્ત્ર, ટેરો કાર્ડ રીડિંગ અને જાદુ



ખુશ્બુ ત્રિવેદી,
ટેરો કાર્ડ રિટર અને
સ્પિરિચ્યુઅલ હીલર






બાળક જન્મે ત્યારે કુંડળી બને, રાશિના આધારે તેનું નામ પડે અને લગ્ન કરતા પહેલા પણ વર-કન્યાની કુંડલી જોઈને જ વિવાહ નક્કી થાય. ભારતમાં આ શાસ્ત્ર પ્રાચીન છે અને પ્રચલિત છે તેથી ‘‘જ્યોતિષ શાસ્ત્ર’’ વાંચીને એટલી નવાઈ ના લાગે. પણ, શીર્ષક વાંચીને તમને એમ થતું હશે કે આ ટેરો કાર્ડ શું ? અને વળી આ ગૂઢ કળા એટલે શું ? ખરેખર જાદુ હોય ? તો આજે આપણે આ બધા વિષે વિગતવાર ચર્ચા કરીશું. ટેરો કાર્ડ શું કે જાદુ કેવી રીતે કામ કરે છે એ પહેલા જાણીએ કે ગૂઢ કળા એટલે શું ?

આ છે ગૂઢ કળા : ગૂઢ એટલે રહસ્યમયી, જેના વિષે જેટલું જાણો એટલું ઓછું પડે. પૃથ્વીની શરૂઆતમાં આખું બ્રહ્માંડ ગૂઢ રહસ્ય જ હતું અને એ રહસ્યો જેમ જેમ માનવજાતે ઉકેલ્યા તેમ તેમ તે વિજ્ઞાન બનતા ગયા. ગૂઢ કળાનો એક ભાગ જ્યોતિષ શાસ્ત્ર હવે જ્યોતિષ વિજ્ઞાન તરીકે પણ ઓળખાય છે. જ્યોતિષ શાસ્ત્ર સિવાય ગૂઢ કળાઓમાં ટેરો કાર્ડ, જાદુ, રસ સિદ્ધિ જેવી વિવિધ કળાઓનો સમાવેશ થાય છે. આજે આપણે જાણીશું થોડાં વર્ષોથી ખૂબ ચર્ચામાં આવેલા ટેરો કાર્ડ્સ વિષે.

ટેરો કાર્ડસની શરૂઆત ક્યાં થઈ અને કેટલા સમય પહેલા તેની ચોક્કસ માહિતી ક્યાંય મળતી નથી પણ એક માન્યતા પ્રાચીન સમયમાં ઈજિપ્તમાં વણજારાઓએ હવામાન જાણવા અને સિઝનની આગાહી મેળવવા માટે પોતાના અનુભવોના આધારે થોડા ચિત્રો સાથે કાર્ડ્સનું નિર્માણ કર્યું, તેના આધારે તેઓ પોતાના રહેઠાણ બદલતા અને ઋતુઓની સમજ કેળવતા હતા. બીજી એક કહાની મુજબ ૧૪મી સદીના મધ્ય ભાગમાં ઈટલીના ઉત્તર ભાગમાં સૌથી જૂના ઓફિશિયલ ટેરો કાર્ડ ડેકની રચના કરી હતી અને તે ડેક વર્સકોન્ટી સર્ફરોઝા ડેક તરીકે ઓળખાય છે. સમાયાંતરે આ કાર્ડ્સમાં ઘણા ઓકલ્ટ (ગુપ્ત કળા) જીજ્ઞાસુઓને રસ પડવા લાગ્યો અને તેની પર ઘણું સંશોધન કરીને ૧૮મી સદીના અંત ભાગમાં આર્થર એડવર્ડ વેઈટ અને વિલિયમ રાઈડરે પામેલા કોલમન સ્મિથ નામની મહિલા સાથે મળીને રાઈડર વેઈટ કાર્ડની રચના કરી. જે આજે પણ તેના ક્રિએટર રાઈડર વેઈટના નામે ઓળખાય છે. આ કાર્ડ્સ સૌથી પહેલા હાથથી જ દોરવામાં આવ્યા હતા અને દરેક કાર્ડ્સમાં કલર, સંસ્કૃતિ, જ્યોતિષાશાસ્ત્ર, ન્યુમેરોલોજી જેવી અન્ય અન્ય વિદ્યાઓને ધ્યાનમાં લઈને ચિત્રો દોરવામાં આવ્યા હતા. આજે એ કાર્ડ્સ ઓરિજિનલ રાઈડર વેઈટ તરીકે ઓળખાય છે અને તેના સિવાય તેના જેવી જ આકૃતિવાળા અન્ય કાર્ડ્સ પણ બજારમાં આવ્યા જે યુનિવર્સલ વેઈટ, રેડિએન્ટ, રાઈડર વેઈટ જેવા નામોથી ઉપલબ્ધ છે.

૧૯મી સદીના મધ્યભાગ પછી ટેરો કાર્ડ્સથી માર્ગદર્શન મેળવવાનું અને ભવિષ્ય જાણવાનું વધવા લાગ્યું અને જેમ જેમ બહારથી લોકો આવ્યા તેમ તેમ ભારતમાં પણ ટેરો કાર્ડ્સનું આગમન થયું.

સૌથી જૂના કાર્ડ્સ રાઈડર વેઈટ છે એ તો આપણે જાણ્યું એ પછી બીજા કાર્ડ્સ આવ્યા જે ઓશોએ લોકો સુધી પહોંચાડ્યા જેનું નામ છે ઓશો ઝેન ટેરો કાર્ડ્સ. એ સિવાય એન્જલ ઓરેકલ કાર્ડ્સથી પણ ટેરો કાર્ડ રીડર્સ માર્ગદર્શન આપતા હોય છે. જે રીતે જ્યોતિષ શાસ્ત્ર જાણનાર જ્યોતિષી કહેવાય છે તે રીતે ટેરો કાર્ડ વાંચીને માર્ગદર્શન આપનાર ટેરો કાર્ડ રીડર કહેવાય છે. ટેરો કાર્ડ્સમાં સામાન્ય રીતે ૭૮ કાર્ડ્સ આવે છે જે પૃથ્વીના પાંચ મહાભૂતો સાથે સંકળાયેલા છે અને આકાશ, પૃથ્વી, પાણી, આગ અને હવા જેવા તત્વોને પ્રતિકાત્મક સ્વરૂપે દર્શાવે છે. જે પણ કાર્ડ આવે તેના આધારે માર્ગદર્શન આપવામાં આવે છે અથવા ભવિષ્ય કહેવામાં આવે છે.



કેવી રીતે કામ કરે છે ટેરો કાર્ડ્સ : જેને પણ ટેરો કાર્ડ પાસેથી પ્રશ્ન પૂછવા હોય તે સામે હોય તો ટેરો કાર્ડ રીડર તેના નામથી કાર્ડ સ્પ્રેડ કરે છે અને કાર્ડ્સને પ્રશ્ન કરે છે. ત્યારબાદ પ્રશ્ન પૂછનાર કોઈ એક કાર્ડ પસંદ કરે છે અને તે ખોલ્યા વિના જ રીડરને આપે છે. જે પણ સવાલ હોય અને તે માટે જે કાર્ડ આવ્યું હોય તેના આધારે કાર્ડ્સના ચિત્રો, નંબર અને અન્ય સિમ્બોલ્સ જોઈને જવાબ આપે છે. તો હવે સવાલ થશે કે, એક કાર્ડનો એક જ અર્થ હોય ? તો જવાબ છે કે, ના દરેક કાર્ડના માત્ર એક જ અર્થ ના હોઈને ઘણા બધા અર્થ હોય છે અને કયા કાર્ડનો અર્થ ક્યારે હોય ? તો ટેરો કાર્ડ શીખીને અને સાથે કાર્ડ્સની સાથે ધ્યાન કરીને જ શીખી શકાય છે.

હવે જાણીએ જાદુ વિષે :

તમારા દાદી કે મમ્મીને ક્યારેય એવું કહેતા સાંભળ્યા છે કે ‘જેવો આહાર એવો વિચાર’, એટલે કે તમે જે જમો છો તેનાથી તમને માત્ર શારીરિક પોષણ જ નથી મળતું પણ તેનો જાદુ તમારા વિચાર અને મગજ પર પણ થાય છે. એટલે જ જ્યારે જમવાનું બનતું હોય ત્યારે મમ્મી કે દાદી ભજનો ગાતા હોય છે અથવા શ્લોક બોલતા હોય છે. આ વાતને ઉદાહરણ તરીકે સમજીએ તો તમે નાના હશો ત્યારે ભણ્યા હશો અથવા હવે ભણવામાં આવશે કે, જો બે છોડને એક સાથે રાખીએ અને એકને રોજ અપશબ્દો બોલીએ અને બીજાને દરરોજ સુંદર સંગીત સંભળાવીએ તો જેને સંગીત સંભળાવશો તે છોડ ખૂબ સારી રીતે મોટો થશે અને બીજો છોડ એની જાતે મરી જશે. એટલે કે એક છોડને ખરાબ વિચારોનો આહાર મળ્યો એટલે નાશ પામ્યો અને બીજાને મધુર સંગીતના વિચારો મળ્યા એટલે ખીલ્યો. આ જ જાદુ છે. ટૂંકમાં જાદુ એટલે હેરી પોર્ટરની જેમ છડી ઘુમાવીએ અને બધી ઈફેક્ટસ આવે એમ અર્થ નથી પણ એ તો લોકો કલ્પના કરી શકે એ માટે એ રીતે દર્શાવાયું છે. ખરું જાદુ તો આપનું મગજ અને આપણો ફોકસિંગ પાવર અને વિચારશક્તિ કરે છે.

તમને એક સરસ મજાનું જાદુ શીખવાડું : દરરોજ રાત્રે સૂતા પહેલા તમે આખો દિવસ જે કર્યું હોય, જેને મળ્યા હોવ અને તમને જેટલું યાદ આવે એ બધાનો આભાર માનજો. જેમ કે, મમ્મીનો આભાર કે જમવાનું બનાવ્યું, પપ્પાનો આભાર કે આટલું સરસ ઘર આપ્યું. ટીચરનો આભાર સરસ ભણવવા માટે, તમારી સાઈકલ, મોબાઈલ ફોન અને જેની સાથે ઝગડો થયો હોય એનો પણ આભાર માનજો. તમને થશે કે તેનાથી શું થાય ? તો તમને કહું કે, આ તો જાદુનો પ્રયોગ છે, ૧૫ દિવસ જાતે કરો અને જુઓ આ જાદુની શું અસર થાય છે ?

તો મિત્રો, આ હતી જ્યોતિષ વિદ્યા, ટેરો કાર્ડ્સ અને જાદુ જેવી ગૂઢ વિદ્યાઓની પાયાની માહિતી. લેખ પૂરો કરતા એક વાત ચોક્કસ કહીશ કે, દરેક વ્યક્તિ જાદુગર છે બસ, જરૂર છે તો એ શક્તિને પારખીને તેનો યોગ્ય ઉપયોગ કરવાની.

RNI No. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad.
All articles have been selected and scrutinized by Sub editor The Open PageThe Open Page: 23, Suryakunj Society, Nr. Nutan School, Prabhat Chowk, Ghatlodia Ahmedabad - 380061 | Ph. No. 079-27621385, 27621386, Mo.No. 9586022210